પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૪૮, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૬-૧૦-૨૦૨૦ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 48 PRICE :-RS. 1.50 DATE : 16-10-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678


પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### એક રિસર્ચ રિપોર્ટમાં થયો ખુલાસો

## કોરોના વાયરસ શિયાળામાં વધુ કહેર મચાવશે, ૬ ફૂટનું અંતર પણ કામ નહીં આવે

લોંસ એંજલ્સ,

જયારે સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસની મહામારીની શરૂઆત થઈ ત્યારે એવું કહેવાતું હતું કે ઉનાળાની ઋતુમાં ગરમીમાં કોરોના વાયરસ ખતમ થઈ જશે. પરંતુ, એવું કશું થયું નહીં. કારણકે ગરમીમાં પણ કોરોના વાયરસના ડ્રોપલેટ્સ હવામાં ફેલાઈ રહ્યા હતા. ત્યારે હવે એક રિસર્ચમાં એવું જાણવા મળ્યું છે કે શિયાળામાં કોરોના વાયરસ વધુ પ્રમાણમાં ફેલાઈ શકે છે. 'નેનો લેટર્સ' જર્નલમાં છપાયેલા એક સ્ટડી મુજબ શિયાળામાં કોરોનાના સંક્રમણનો ખતરો વધી શકે છે.



આ રિપોર્ટમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે હાલ કોરોનાથી બચવા માટે સોશિયલ ડિસ્ટન્સના જે નિયમોનું પાલન કરવામાં આવી રહ્યું છે તે પૂરતું નથી. કારણકે કોરોના વાયરસના ડ્રોપલેટ્સ ૬ ફૂટ કરતા વધારે અંતર સુધી ફેલાઈ શકે છે. એવી જગ્યાઓ કે જ્યાં તાપમાન ઓછું હોય અને ભેજ વધુ હોય ત્યાં આ ડ્રોપલેટ્સ ૬ મીટર સુધી ફેલાઈ શકે છે. બાદમાં તે જમીન પર પડે છે. આ રિસર્ચમાં જણાવ્યા મુજબ તેવામાં આ વાયરસ એક મિનિટથી લઈને એક દિવસ સુધી સંક્રમણ ફેલાઈ શકે છે.

વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ ઠંડી અને ભેજવાળી જગ્યાએ સોશિયલ ડિસ્ટન્સિંગ વધુ હોય તે જરૂરી છે. લોકોએ એ વાત પણ સમજવાની જરૂર છે કે પોતપોતાના સ્થળના તાપમાન અને વાતાવરણના આધારે લોકોએ આ વાયરસથી બચવું પડશે. આ ડ્રોપલેટ્સ કલાકો સુધી હવામાં રહે છે અને શ્વાસ લેતી વખતે તેનું સંક્રમણ ફેલાય છે. માટે માસ્ક પહેરવું ખૂબ જરૂરી છે.

અહીં નોંધનીય છે કે સમગ્ર દુનિયામાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૩૮,૮૧૬,૯૩૩ કેસ નોંધાયા છે અને કુલ ૧,૦૯૮,૦૩૭ લોકોના કોરોનાના કારણે મોત થાય છે. અત્યાર સુધીમાં કુલ ૨૯,૧૬૩,૨૮૩ લોકો કોરોના વાયરસમાંથી રિકવર થયા છે. ભારતમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૭,૩૦૯,૧૬૪ કેસ નોંધાયા છે અને ૧૧૧,૩૩૭ દર્દીઓના કોરોનાના કારણે મોત થયા છે.

## અંબાજી મંદિર રહેશે ખુલ્લુ, નવરાત્રિ દરમિયાન દર્શનનો સમય બદલાયો

અંબાજી,

કોરોનાકાળમાં અનેક મંદિરો નવરાત્રિમાં બંધ રહેવાના છે. તો બીજી તરફ, સરકારે ગરબાના આયોજન પર મુકેલા પ્રતિબંધથી માતાજીના આરાધકોમાં નિરાશા જોવા મળી છે. પરંતુ આ વચ્ચે એક સારા સમાચાર એ છે કે, ૫૧ શક્તિપીઠમાંથી એક એવા આદ્યશક્તિ મા અંબાનું મંદિર અને તેમનું મૂળ સ્થાન ગબ્બર પર્વત ધામ નવરાત્રિમાં ભાવિક ભક્તો માટે ખુલ્લું રહેશે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ગબ્બરની ફરતે સ્થાપિત કરાયેલી ૫૧ શક્તિપીઠોની પ્રતિકૃતિને કારણે ભક્તોને અહીં એક જ સ્થળે તમામ શક્તિપીઠોના દર્શનનો દુર્લભ લ્હાવો સાંપડે છે.



રાજ્ય સરકારની સુચના અનુસાર ચાલુ વર્ષે અંબાજીમાં ગરબાનું આયોજન રદ કરાયું છે, પરંતુ નવરાત્રિ દરમિયાન માતાજીના મંદિરમાં દર્શન રાબેતા મુજબ ચાલુ રહેશે. કોરોનાના પગલે અંબાજી દર્શન માટે પધારતા ભક્તોના આરોગ્યની સલામતી પર વિશેષ ભાર મુકતા અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા રાજ્ય સરકારની કોવિડ ૧૯ અંગેની માર્ગદર્શિકા મુજબની તમામ સુવિધા અને વ્યવસ્થા મંદિર પરિસર અને મૂળ સ્થાન શક્તિપીઠ ગબ્બર પર્વતે કરવામા આવી છે. આ ઉપરાંત સ્થાનિક લોકો, ઓટો અને ટેક્સી ચાલકો, ધર્મશાળા અને હોટલો દ્વારા દર્શનાર્થીઓને કોરોનાથી બચાવવા માટેના સ્વાસ્થ્ય સંબંધી પગલાં લેવામાં આવી રહ્યા છે.

નવરાત્રિ દરમિયાન ૧૭ ઓક્ટોબરથી યાત્રાળુઓ માટે દર્શન માટેનો સમય સવારે ૮થી ૧૧.૩૦, બપોરે ૧૨.૩૦થી ૪.૧૫ અને સાંજે ૭થી રાત્રે ૯ વાગ્યા સુધીનો રહેશે. દરેક શ્રદ્ધાળુએ મંદિરમાં ફરજિયાત પણે માસ્ક પહેરીને પ્રવેશ કરવાનો રહેશે. આ ઉપરાંત સોશિયલ ડિસ્ટન્સ સાથે સેનિટાઈઝ અને સ્ક્રિનિંગ થયા બાદ જ મંદિરમાં પ્રવેશ આપવામાં આવશે.

મંદિર પ્રશાસને ૧૦ વર્ષથી ઓછી વયના બાળકો અને ૬૫ વર્ષથી વધુની વય ધરાવતાં નાગરિકોને હાલના મહામારીના સમયમાં દર્શન માટે નહીં આવવા પણ અપીલ કરી છે. ૧૬૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું માં અંબાનું મૂળ સ્થાન શક્તિપીઠ ગબ્બર પર્વત અંબાજી ધામ પણ ભાવિકભક્તો માટે ખુલી ગયું છે. માતાજીનું મૂળ પ્રાગટ્ય સ્થાન ગબ્બર પર્વત અંબાજીથી ત્રણ કિમીના અંતરે સ્થિત છે. માતાજીના ૫૧ શક્તિપીઠોમા પ્રમુખ શક્તિપીઠ મૂળ સ્થાન ગબ્બર પર્વત ઉપર મા અંબાજીના અખંડ જ્યોતના સંપૂર્ણ દર્શન માટે રોપવે (ઉડનખટોલા) યાત્રિકોની સેવામાં તકેદારી અને સભાનતાની સાથે કાર્યરત રહેશે.

## યુરોપમાં કોરોના મહામારી વકરી, ઘણા દેશો લોકડાઉન તરફ વધ્યા

બર્લિન,

દુનિયાભરના દેશોમાં ફેલાઇ ચૂકેલી કોરોના મહામારી હવે તેનું ભયાનક રુપ બતાવી રહી છે. જે આખી દુનિયા માટે ભારે ચિંતા ઉભી કરશે, કારણ કે કોરોના મહામારી સામે હથિયાર મૂકી દીધેલા યુરોપના કેટલાક દેશોમાં કોરોના વાયરસની સેકન્ડ વેવ શરુ થઈ હોવાના સંકેત મળ્યા છે. જે પહેલા કરતા પણ ભયાનક હોવાની આશંકા છે. આ જ કારણથી યુરોપના કેટલાક દેશોમાં લોકડાઉન લાગૂ કરાયુ છે અને ફ્રાન્સમાં કરફ્યુની સ્થિતિ ઉભી થઈ છે. જોકે



લોકડાઉન બાદ ભારત હવે અનલોક થઈ રહ્યુ છે, પરંતુ અહીં પણ દૈનિક સ્તરે સંક્રમણના કેસોમાં ઉછાળો નોંધાયો છે.

કોરોના મહામારી ફેલાવાનો ક્રમ જોઈએ તો ચીન પછી સંક્રમણની શરુઆત યુરોપમાં જોવા મળી હતી, પરંતુ એ પછી અમેરિકામાં તબાહી મચાવી એશિયામાં દાખલ થયું. યુરોપના ફ્રાન્સ, ઈટાલી, જર્મની વધુ સંક્રમિત દેશોમાં સામેલ છે. આ દેશોએ કોરોના કાળના પ્રતિબંધો હચાવી દીધા હતા અને અનલોકમાં સામાન્ય જીવનની નવી શરુઆત કરી હતી. પરંતુ વિતેલા ૧૦ દિવસમાં આ દેશોમાં કોરોના સંક્રમણના કેસોમાં અચાનક આવેલો ઉછાળો ચિંતાનો વિષય બની ગયો છે.

ફ્રાન્સમાં રાત્રિના નવ વાગ્યાથી સવારે છ વાગ્યા સુધીનું કરફ્યુ લાગૂ કરતા દેશમાં મેડિકલ ઈમરજન્સી જાહેર કરી છે. જર્મની પણ આજ સ્થિતિનો સામનો કરી રહ્યુ છે. આ સિવાયે ઈંગ્લેન્ડ, ચેક રિપબ્લિક અને અન્ય દેશોમાં કેસોમાં વધારો નોંધાયો છે. ડબલ્યુએચઓ મુજબ વિતેલા સાત દિવસથી યુરોપમાં દૈનિક એક લાખ સંક્રમણના કેસ સામે આવી રહ્યા છે.

બીજી તરફ અનલોક થઈ રહેલા ભારતમાં સરકારી આંકડાઓ દર્શાવે છે કે સ્થિતિ સુધારા પર છે, કેસો વધી રહ્યા છે પરંતુ રિકવરી રેટમાં ઘણો સુધારો છે.

## જમ્મુ-કાશ્મીરમાં આર્ટીકલ ૩૭૦ હટાવ્યાનો વિરોધ કરવા કાશ્મીરી નેતાઓ એકજૂટ થયા

શ્રીનગર,

જમ્મુ-કાશ્મીરમાંથી આર્ટીકલ ૩૭૦ નાબૂદ કરવા અને તેને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવાના વિરોધમાં ત્રણ પૂર્વ મુખ્યમંત્રીઓએ એકજૂટ થઈ લડાઈ લડવાના સંકેત આપી દીધા છે. મહેબૂબા મુફ્તીની મૂક્તિ બાદ ત્રણે દળોએ આપસી મતભેદોને ભૂલીને આર્ટીકલ ૩૭૦ હટાવવાનો વિરોધ કરવા બેઠક યોજી હતી. આ મુદ્દે નેશનલ કોન્ફ્રેસના પૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લાના ઘરે એક બેઠક ચાલી રહી છે, જેમાં પીડીપી, પીપુલ્સ કોન્ફ્રેસ, લેફ્ટ પાર્ટીઓએ ભાગ લીધો છે.

પીડીપી પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીની મૂક્તિ બાદ આ બેઠક મહત્વની માનવામાં આવી રહી છે. આ બેઠકમાં જમ્મુ-કાશ્મીરથી આર્ટીકલ ૩૭૦ અને ૩૫-એ હટાવવાના વિરોધ પર ચર્ચા થશે. આ પહેલા ૪ ઓગસ્ટ ૨૦૧૯એ પૂર્વ મુખ્યમંત્રી અબ્દુલ્લાએ ગુપકાર સ્થિત આવાસમાં તમામ દળોની પહેલી બેઠક બોલાવી હતી. જેને ગુપકાર ઘોષણા કહેવામાં આવી હતી.

## રાજ્યમાં દિવાળી નહીં, ડિસેમ્બરમાં જ શાળા ખોલવા સરકાર મક્કમ

ગાંધીનગર,

કોરોનાના મહામારીને કારણે રાજ્યય સરકારે નિર્ણય કર્યો છે કે, ગુજરાતમાં દિવાળી સુધી સ્કૂલો ખૂલશે નહીં. દિવાળી બાદ કોરોનાની સ્થિતિની સમીક્ષા કરવામાં આવશે અને ત્યાર બાદ સરકાર નિર્ણય કરશે. પરંતુ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, ડિસેમ્બર સુધી શાળાઓ ન ખોલવા સરકાર મક્કમ છે. તજજ્ઞોનાં મત પ્રમાણે, શિયાળામાં કોવિડ ૧૯નું સંક્રમણ વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

જેથી સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, હવે શિયાળો શરૂ થશે. હાલની પરિસ્થિતિમાં તો કોરોનાનું સંક્રમણ મહદઅંશે ઘટી રહ્યું છે ત્યારે સરકાર દિવાળી બાદની પરિસ્થિતિની સમીક્ષા કરશે અને તે પછી જ કોઈ ચોક્કસ નિર્ણય લેઈ શકે છે. માહિતી તો એવી પણ મળી રહી છે કે, આ અંગે વાલીઓ અને સંચાલકોનો મત પણ જાણવાનો પ્રયાસ કરવામાં આવશે. સંભાવના તો એવી પણ છે કે, ડિસેમ્બર સુધીમાં કોરોના વાયરસને નાથવા માટે કોઈ રસી પણ આવી શકે છે. એટલે સૂત્રોનું માનીએ તો ડિસેમ્બરમાં ગુજરાતમાં શાળા ખૂલે તેવું વાતાવરણ સર્જાઈ રહ્યું છે.

ગુજરાતમાં કોરોના મહામારીને કારણે ૧૫ માર્ચના રોજથી ગુજરાતની તમામ શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓમાં ૧૬ માર્ચથી બે અઠવાડિયાં માટે એટલે કે ૨૯ માર્ચ સુધી શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. જોકે બોર્ડ પરીક્ષાઓ યથાવત્ રાખવામાં આવી હતી. ત્યાર બાદ જેમ જેમ કોરોના બેકાબૂ બનતો ગયો તેમ તેમ સ્કૂલ-વેકેશન લંબાવવામાં આવ્યું હતું. આમ, લગભગ ૭ મહિનાથી સ્કૂલો બંધ છે. બાળકો નવા શૈક્ષણિક વર્ષનું ભણતર ઓનલાઈન જ લઈ રહ્યાં છે.

### પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકા આદિજાતિના પિયતની સુવિધા ધરાવતા ખેડૂતોનો જોગ નિવિદા નં.-૪

વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧માં આદિજાતિના ખેડૂતોને વેલાવાલા ખેતી પાકો લેવા માટે મંડપ બનાવવાની યોજના હેઠળ પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાના આદિજાતિના ખેડૂતોને રૂા.૧૪,૫૬૦/-ની મર્યાદામાં સાધન ખરીદવા સહાય આપવામાં આવશે. જે માટે રસ ધરાવતા આદિજાતિ ખેડૂત કે જેઓ વેલાવાળા શાકભાજી માટે મંડપ કરી આવક મેળવવા માંગવા હોઈ તેમની પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. આ યોજનાનાં લાભાર્થીઓ પૈકી વન અધિકાર ધારા હેઠળ જેઓને જંગલ જમીન મળેલ હોય તેમજ મહિલા ખેડૂત ખાતેદાર અને આદિમજૂથને પંસદગીમાં પ્રાધાન્ય આપવામાં આવશે. આ યોજનાનો લાભ મેળવવા માંગતા આદિજાતિ ખેડૂતને નિયત નમુનામાં અરજી કરવાની રહેશે અને અરજી પત્રકમાં જણાવ્યા મુજબના પુરાવા જોડીને જ અરજી કરવાની રહેશે. જે માટે અરજી મોડામાં મોડી તા.૨૬/૧૦/૨૦૨૦ સુધીમાં પ્રાયોજના વહીવટદારની કચેરી, જીલ્લા સેવા સદન-૨, કલેકટર કચેરી, પંચમહાલ-ગોધરા ખાતેથી અરજી ફોર્મ મેળવીને ભરીને પરત કરવાની રહેશે.

સહી
અધિક કલેકટર
અને
પ્રાયોજના વહીવટદાર
પંચમહાલ-ગોધરા

જીમાક/ગોધરા/૪૪૫/૨૦૨૦

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બારીઆ સરદારસિંહ બી.
મુ. ટીડકી, તા. દે.બારીઆ

પંચમહાલ સમાચાર દ્વારા આયોજીત
ગરબા મહોત્સવ
કોરોના કાળમાં ઘરે બેઠા કરો
PMS NEWS સાથે ગરબાની ઉજવણી.
- ગરબાના વિવિધ સ્ટેપ સાથેનો ૨ મિનિટનો વિડીયો મોકલી જીતો વિવિધ ઈનામો.
- ગરબાનો વિડીયો તા.૧૭/૧૦/૨૦૨૦ થી ૨૫/૧૦/૨૦૨૦ માં મકલવાનો રહેશે.
- મોકલેલ વિડીયોમાં સૌથી વધુ દર્શકો ધરાવનાર વિડીયોને મળશે પ્રથમ ઈનામ.
- ઘરે બેઠા ગરબા રસીકોને ઈનામો જીતવાની સોનેરી તક.
- PMS NEWS દ્વારા ઈનામો આપવામાં આવશે.
૧. પ્રથમ ઈનામ - ૫૦૦૧/-
૨. દ્વિતિય ઈનામ - ૩૦૦૧/-
૩. તૃતિય ઈનામ - ૨૦૦૧/-
વિજતાના નામ તા.૩૧/૧૦/૨૦૨૦ શરદપૂનમ ના દિવસે રાત્રે ૮:૦૦ કલાકે જાહેર થશે.
આપનો વિડીયો આ Whatss app નંબર ઉપર મોકલો ૯૦૫૪૪૨૫૧૦૦.
નોંધ : વિડીયો મોકલનારનું નામ, શહેર અને જીલ્લો લખીને મોકલાવો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ભાભોર રાજેશકુમાર રૂપસિંગ
મુ. મેન્દ્રા, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલીયા અરવિંદભાઈ પૂજાભાઈ
મુ. સાગારામા, તા. દે.બારીઆ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૪માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એ. કે. પરમાર
તરફથી અભીનંદન....
મુ. શિવરાજપુર, તા. હાલોલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૪માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એ. જે. પટેલ
તરફથી અભીનંદન....
મુ. કંટેલી, તા. હાલોલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૦૯ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોના ના કુલ ૧૧૯૯ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૪ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષોના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૫-૧૦-૨૦૨૦ ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૧૯૯ કેસ પોઝીટીવ નોંધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રીએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૦૭૩ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૩ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૧ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૬૧૩૯૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૫૯ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૬ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૦૯ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૪૨ દર્દી હોમ આઇસોલેશન, ૦૦ દર્દી સી સી સી સંતરામપુર, ૦૬ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૨ દર્દી SDH સંતરામપુર, ૦૧ અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૭૦ દર્દીઓ સ્ટેબલ, ૦૬ દર્દીઓ ઓક્સિજન પર છે.

## લુણાવાડાની કોવિડ હોસ્પિટલના આરોગ્ય કર્મીઓને અરવલ્લીના વિનાયક ગેસીસ દ્વારા વિનામૂલ્યે ઓકિસજનના કેન આપવામાં આવ્યા


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, દેશ અને દુનિયા કોરોનાની મહામારીનો સામનો કરી રહ્યું છે. આ કોરોનાની મહામારીમાં તબીબો, પેરા-નોન પેરામેડીકલ સ્ટાફ તેમની સેવાઓ અવિરતપણે આપી રહ્યા છે. આ મહામારીના સમયમાં આરોગ્ય કર્મીઓને મેડીકલ સેવાઓ અનેક સામાજિક-સ્વૈચ્છિક-ધાર્મિક સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે.

કોરોનાની આ મહામારીમાં કોરોના પોઝીટીવ દર્દીઓને ઓકિસજનની જરૂર પડતી હોય છે. કોરોના પોઝીટીવ દર્દીઓની સારવાર માટે લુણાવડાની કોવિડ હોસ્પિટલમાં કામ કરતાં વોલિયન્ટર તેમજ ડોકટર, નર્સિંગ સ્ટાફ તેમજ હોસ્પિટલના સ્ટાફને પણ ઓકિસજનની જરૂર પડતી હોય છે.

આ માટે મેઇક ઇન ઇન્ડિયા અંતર્ગત મોડાસાની અરવલ્લી વિનાયક ગેસીસ લુણાવાડાની કોવિડ હોસ્પિટલની મદદે આવી છે અને પોતાના દ્વારા ઉત્પાદિત કરવામાં આવેલ ઓકિસજન કેન કોવિડ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા દર્દીઓને તેમજ કર્મયોગીઓને કામ લાગે તે હેતુથી હોસ્પિટલને ભેટ આપવામાં આવ્યા છે. અરવલ્લી વિનાયક ગેસીસ દ્વારા ભેટ આપવામાં આવેલ આ ઓકિસજન કેનનો જિલ્લા કલેકટર આર. બી. બારડે સ્વીકાર કર્યો હતો.

કોટેજ હોસ્પિટલ ખાતે ધનવંતરી રથને ઓકસીબ્રેથ આપવા માટે તેમજ દર્દીઓની સાથે આરોગ્ય કર્મીઓની ચિંતા કરવા બદલ આરોગ્ય કર્મીઓએ જિલ્લા કલેકટર આર. બી. બારડ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહ પ્રતિ આભારની લાગણી વ્યકત કરી હતી.

આ ઓકિસજન કેન પ્રાપ્ત થતાં ઓકિસજનની ઓચિંતી જરૂરિયાત ઉભી થયેથી આ ઓકિસજન કેનનો ઉપયોગ કરી શકાશે.

# મહીસાગર જીલ્લામાં કોવિડ-૧૯ જન આંદોલન અભિયાન અંતર્ગત કોરોના જાગૃતિ માટેના શપથ ગ્રહણ કર્યા


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, ભારત સરકાર દ્વારા કોવિડ-૧૯ (કોરોના વાઇરસ) જન આંદોલન અભિયાન સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવ્યું છે. આ જનઆંદોલનના ભાગરૂપે આજે તા. ૧૫મીના રોજ સોશિયલ ડિસ્ટન્સીંગના પાલન સાથે મહીસાગર જિલ્લાના વડા મથક લુણાવાડા ખાતે જિલ્લા સેવા સદનમાં જિલ્લા કલેકટર આર. બી. બારડ સહિત જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી તથા જિલ્લા પોલીસ વડા આર. પી. બારોટ ઉપરાંત નિવાસી અધિક કલેકટર આર. આર. ઠકકર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહ અને જિલ્લાના તમામ ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ સહિત જિલ્લા-તાલુકાની તમામ સરકારી કચેરીઓ, અર્ધ સરકારી કચેરીઓ, બોર્ડ કોર્પોરેશનો, નિગમો, નગરપાલિકાઓ સહિત જિલ્લાના પ્રબુધ નાગરિકો, ધર્મગુરૂઓ, સામાજિક-સ્વૈચ્છિક સંગઠનો, વ્યાપારીઓ, મહાજનો, અને સમાજના તમામ વર્ગના લોકોએ કોરોના જાગૃતિ માટેના શપથ ગ્રહણ કર્યા હતા.

આ જનઆંદોલનના ભાગરૂપે સમાજના તમામ વર્ગોએ હું માસ્ક પહેર્યા વિના ઘરની બહાર નહીં નીકળું, દરેકથી ઓછામાં ઓછું છ(૬) ફૂટનું અંતર જાળવીશ, વારંવાર સાબુથી હાથ ધોઇશ કે સેનેટાઇઝરનો ઉપયોગ કરતો રહીશ, મારી તથા મારા સ્વજનોની રોગપ્રતિકારક શકિત વધારવા આયુષની ઉપચાર પદ્ધતિઓ અપનાવીશ અને યોગ-વ્યાયામ ઇત્યાદિથી જીવનશૈલી સુધારીશ તથા મારા પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખીશ તેવા શપથ ગ્રહણ કરી કોરોના જન આંદોલનમાં સહભાગી થયા હતા.

આમ, સમગ્ર જિલ્લા-તાલુકાના અધિકારીઓ-કર્મચારીઓ સહિત નાગરિકોએ શપથ ગ્રહણ કરીને કોરોના જન આંદોલન અભિયાનને પોતાનું અભિયાન બનાવીને કોરોના અટકાયત માટે પોતાની પ્રતિબધ્ધતા વ્યકત કરી કોરોના સામે એક આંદોલન છેડીને કોરોનાને હરાવી રાષ્ટ્ર-રાજય અને જિલ્લાને કોરોનામુકત બનાવવા સંકલ્પબધ્ધ થયા હતા.

## બાલાસિનોર લાયન્સ કલબના સેવા સપ્તાહની અનેકવિધ સેવા કાર્યો સાથે શાનદાર પૂર્ણાહુતિ




બાલાસીનોર, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મદિન ૨જી ઓકટોબરથી શરૂ થયેલ બાલાસિનોર લાયન્સ કલબના સેવા સપ્તાહની પૂર્ણાહુતિ કાર્યક્રમ લાયન્સ હોલ ખાતે યોજાયો હતો. લાયન્સ પ્રમુખ પ્રવીણભાઈ સેવકના પ્રમુખ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં ડિસ્ટ્રિક્ટ ગવર્નર લા.જે પી. ત્રિવેદીના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, નિવૃત શિક્ષકોનું, પત્રકારોનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ નવા જોડાયેલ સભ્ય સંજયભાઈ ઍસ. ભટ્ટને ડી.જી.લા જે.પી ત્રિવેદીએ લાયન્સ પિન અર્પણ કરવામાં આવી હતી.

આ ઉપરાંત લાયન્સ કલબ બાલાસિનોર દ્વારા સેવા સપ્તાહ દરમિયાન કોરોના જનજાગૃતિ અભિયાન, સફાઈ કામદારોનું સન્માન, હૃદયરોગ અંગેનો વેબ સેમિનાર, ડાયાબિટીસ ચેકઅપ કેમ્પ, ક્ષય ની સારવાર લઈ રહેલા દર્દીઓને પોષણ આહારની કીટનું વિતરણ, તેમજ મંદબુદ્ધિ મહિલાઓના આશ્રમ બાયડમાં ભોજન, બાળ રસીકરણ, તેમજ સ્ત્રી રોગ નિદાન કેમ્પ, કોવિડ- ૧૯ હોસ્પિટલમાં દાખલ દર્દીઓને અને કે.એમ જી. હોસ્પિટલમા દાખલ દર્દીઓને ફ્રૂટનું વિતરણ જેવા વિવિધ સેવાકીય કાર્યો કર્યા હતા. જેનો લાભ ૨૨૧૨ વ્યક્તિઓ લીધો હતો.

# મુખ્યપ્રધાને રાજ્યની ૫૦ પાંજરાપોળને રૂ. ૧-૧ લાખનો ચેક આપ્યો

ગાંધીનગર, મુખ્યપ્રધાન વિજય રૂપાણી દ્વારા ૫૦ પાંજરાપોળોને મેડિકલ વેટરનિટી, દવાઓ માટે પ્રત્યેકને રૂ. ૧ લાખના ચેક અર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલા આ કાર્યક્રમમાં સમસ્ત મહારાજનના મેનેજિંગ ટ્રસ્ટી ગિરીશ શાહ સહિત રાજયની વિવિધ પાંજરાપોળના ૯ જેટલા અગ્રણીઓ-પ્રતિનિધિઓ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. સીએમ રૂપાણીએ પ્રતિકરૂપે વિરમગામ અને ભાણવડ પાંજરાપોળના સંચાલકોને રૂ. ૧-૧ લાખનો ચેક અર્પણ કર્યો હતો. મુખ્યપ્રધાને રાજયની ૫૦ પાંજરાપોળોને રૂ. ૧-૧ લાખનો ચેક આપ્યોમુખ્યપ્રધાને રાજયની ૫૦ પાંજરાપોળોને રૂ. ૧-૧ લાખનો ચેક આપ્યોમુખ્યપ્રધાને જણાવ્યું કે, રાજ્ય સરકારે જીવદયા અને અબોલ પશુઓની સારવાર-કલ્યાણના અનેક પ્રકલ્પો વેગવાન બનાવ્યા છે. ઘાયલ પશુઓની સારવાર માટે કરૂણા એમ્બુલન્સ અને એનિમલ હેલ્પલાઈન કાર્યરત કરી છે.

એટલું જ નહીં, રાજયના આંતરિયાળ વિસ્તારોના તાલુકા-ગામોમાં પશુઓને સ્થળ પર સારવાર આપવા સુશ્રુષા ૨૫૦ એમ્બુલન્સ ફરતા પશુ દવાખાના તરીકે શરૂ કરી છે. આ મોબાઈલ એનિમલ ડિસ્પેન્સરીનું સંચાલન પણ ઈમરજન્સી માનવ સેવામાં શ્રેષ્ઠ પૂરવાર થયેલા ૧૦૮ અમ્બુલન્સના સંચાલક ય્ફદ્બને આપ્યું છે.કોરોના સંક્રમણના આ કપરા કાળમાં પશુધનને ઘાસચારો મળી રહે તે માટે પશુદીઠ રૂ. ૨૫ની સહાય સરકારે મંજૂર કરી છે અને ચૂકવી છે. રાજ્યની પાંજરાપોળોને પોતાની માલિકીની જમીનમાં ઘાસચારો ઊગાડી પશુઓને આપી શકે અને અછતના સમયે ઘાસની તંગી ન પડે તે માટે ઘાસચારો ઉગાડવા રૂ. ૧૦૦ કરોડની કુલ સહાય ટ્યૂબવેલ, સોલાર ઈલેક્ટ્રિક પેનલ વગેરે માટે આપીને પશુઓની સેવા-ચિંતાનો ભાવ દર્શાવ્યો છે. મુખ્યપ્રધાને આ અવસરે એવો ઉલ્લેખ પણ કર્યો કે, ખાસ કરીને કચ્છમાં પશુઓને ઘાસચારાની તંગી ન પડે તે માટે વન વિભાગ દ્વારા નલિયામાં ઘાસની ખેતી કરવાનું આયોજન છે.

અબોલ પશુજીવો પ્રત્યે કરૂણા, દયા અને જીવદયાના સંસ્કાર સંતશક્તિના આશીર્વાદ અને મહાજનો, સેવા-સંગઠનોના સહયોગથી વધુ ઊજાગર કરવાની નેમ પણ દર્શાવી હતી. નમ્રમૂનિ મહારાજે પશુઓના દર્દ, પીડા, વેદનાને ટ્રિટમેન્ટ સારવાર દ્વારા દૂર કરી અનેક જીવોના આશીર્વાદ મળે તેવું પૂણ્ય કાર્ય ગુજરાતની ધરતી પર પ્રારંભ થયું છે. તેને શ્રેષ્ઠ આશિર્વાદ અને ઉત્તમ મંત્રથી પણ અધિક સેવારૂપ ગણાવ્યા હતા. સમસ્ત મહાજનના ટ્રસ્ટી ગિરીશ શાહે આ સેવાકાર્યની પ્રેરણા પૂજ્ય નમ્રમૂનિ મહારાજ સાહેબના કૃપા આશિષથી મળી છે તેનો ઉલ્લેખ કરતાં નાની પાંજરાપોળોના પશુજીવો માટે આ સારવાર-સેવા મૂંગા પશુજીવો માટે ઉપકારક બનશે તેવી અપેક્ષા દર્શાવી હતી.

## સંતરામપુર પોલીસ સ્ટેશનની મુલાકાત લેતાં જિલ્લા કલેકટર


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

લુણાવાડા, કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ અને જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા- તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

આની સાથે સાથે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ પોલીસ કર્મીઓ તેઓની ફરજો અદા કરી રહ્યા છે.

જિલ્લા કલેકટર આર. બી. બારડે સંતરામપુર પોલીસ સ્ટેશનની મુલાકાત લઈને પોલીસ સ્ટેશનની તપાસણી કરી હતી. તેમજ રાજય ગૃહ વિભાગની સૂચનાઓ અંતર્ગત વિવિધ મુદ્દાઓની ચકાસણી કરી સંતરામપુર પોલીસ સ્ટેશનના કર્મયોગીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

તપાસની ટીમમા સંતરામપુર પ્રાંત અધિકારી કે.વી.જાદવ, સંતરામપુર મામલતદાર કે.જે.વાઘેલા, કલેકટર કચેરી મેજિસ્ટ્રિયલ શાખા (ફોજદારી શાખા)ના શાખાના નાયબ મામલતદાર કૃણાલ પટેલ, કલાર્ક નયન પટેલ હતા.

## દેશમાં કુલ કેસ વધીને ૭૩ લાખને પાર, કુલ ૧.૧૧ લાખના મોત

# છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૬૭૭૦૮ કેસ: ૬૮૦ના મોત



ન્યુ દિલ્હી, કોરોનાને લઈને ભારતમાં સારા સમાચાર આવી રહ્યા છે. રોજ બરોજ નોંધાતા કેસમા ૨ દિવસ બાદ ફરીથી ઘટાડો નોંધાયો છે. રોજ નવો રેકોર્ડ બની રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયે ગુરુવારે જણાવ્યું કે ૨૪ કલાકમાં દેશભરમાં ફક્ત ૬૮૦ કોરોનાના દર્દી નોંધાયા છે. આ પહેલા મંગળવારે છેલ્લા દોઢ મહિનામાં સૌથી ઓછા મોતનો રિકોર્ડ બન્યો હતો. નોંધનીય છે કે આ પહેલા ૨૮ જુલાઈના ૬૫૪ દર્દીઓના મોત થયા હતા. આ બાદ દરરોજ ૮૦૦થી ૯૦૦ દર્દીઓના મોત થઈ રહ્યા હતા.

ફક્ત ચાર રાજ્યો ટેન્શન આપી રહ્યા છે કેમ કે અહીં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. જેમાંથી ૫. બંગાળની સ્થિતિ ખૂબ ખરાબ છે. દેશમાં ૫૦.૫ ટકા નવા કેસ મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, તમિલનાડુ અને આંધ્ર પ્રદેશમાં આવ્યા છે. તમિલનાડુને બાદ કરીએ તો બાકીના ૪ રાજ્યોમાં ૩૯૦ મોત નિપજ્યા છે. આ રીતે અહીં દેશના કુલ ૫૭ ટકા મોત અહીં થયા છે.

દેશમાં સૌથી વધારે એક દિવસમાં મોત ૧૫ સપ્ટેમ્બરમાં થઈ હતી. દિવસે ૧૨૯૦ મોત થયા હતા. મંગળવારે ૨૪ કલાકમાં ૭૦૬ લોકોના મોત થયા જ્યારે બુધવારે ૭૩૦ દર્દીઓએ દમ તોડ્યો હતો. દેશમાં કુલ ૧,૧૧,૨૬૬ લોકોના મોત થયા. એક દિવસમાં ૬૭,૭૦૮ કેસ આવ્યા, જ્યારે અત્યાર સુધી ૭૩,૦૭,૦૯૮ લોકો પોઝિટિવ આવ્યા છે. જેમાંથી ૮,૧૨,૩૯૦ એક્ટિવ કેસ છે.

દેશમાં ૬૩,૮૩,૪૪૨ દર્દીઓ સાજા થયા છે જેના રિકવરી રેટ વધીને ૮૭.૪ ટકા થઈ ચૂક્યો છે. જ્યારે મોતનો રેટ ઘટીને ૧.૫ ટકાથી ઓછો થઈ ગયો છે. ૨૪ કલાકમાં ૧૧.૩ લાખ કોરોના ટેસ્ટ થયા છે. અત્યાર સુધીમાં ૯.૧ કરોડ ટેસ્ટ થઈ ચૂક્યા છે.

યૂપીમાં રિકવરી રેટ ૯૦ ટકા કરતા વધારે થઈ ગયો છે. આંકડા મુજબ બુધવારે ૩૭૩૬ દર્દીઓ કોરોનાથી સાજા થઈ ચૂક્યા છે. અત્યાર સુધી ૪,૦૧,૩૦૬ લોકો સાજા થઈ ચૂક્યા છે. ત્યારે રિકવરી રેટ ૯૦.૨૩ ટકા થઈ ગયો છે.

દેશમાં એક દવિસમાં સૌથી વધુ ૧૫ સપ્ટેમ્બરના રોજ ૧૨૯૦ રેકોર્ડ મોત થયા હતા. મંગળવારના રોજ છેલ્લાં ૨૪ કલાકનો આંકડો રજૂ કરતાં સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું હતું કે ૭૦૬ દર્દીઓના જીવ ગયા છે જ્યારે બુધવારના રોજ કહ્યું હતું કે ૭૩૦ દર્દીના મોત થયા છે. મંત્રાલયે આજે કહ્યું કે અત્યાર સુધીમાં દેશમાં કુલ ૧૧૧૨૬૬ લોકોના મોત થયા છે. તો છેલ્લાં ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૬૭૭૦૮ કેસ સામે આવ્યા જયારે પોઝિટીવ કેસની કુલ સંખ્યા ૭૩૦૭૦૯૮ થઇ ગયા જેમાં ૮૧૨૩૯૦ એક્ટિવ કેસ છે.

## શહેરાના નાંદરવા ગામે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં એક વ્યકિતને ઈજાઓ

શહેરા, શહેરા તાલુકાના નાંદરવા ગામે ડાંગરીયા ફળીયા રોડ ઉપર બાઈક ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી સામેથી આવતી બાઈકના અડફેટમાં લઈ ચાલકને ઈજાઓ પહોંચાડતા આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના નાંદરવા ગામે ડાંગરીયા ફળીયા રોડ ઉપરથી પસાર થતી બાઈક નં.જીજે.૧૮.એજે.૩૯૪૩ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી રોંગ સાઈડ હંકારી લાવી સામેથી આવતી બાઈક નં. જીજે.૦૧.ઈએમ.૮૩૪૫ના ચાલક ભોપતભાઈને અડફેટમાં લઈ અકસ્માત સર્જાયો હતો અને મોંઢે તથા હાથ અને પગના ભાગે ઈજાઓ પહોંચાડી બાઈક છોડીને નાશી છુટતા આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૧૬-૧૦-૨૦૨૦, શુક્રવાર, અધિક આસો વદ-૩૦, સૂર્યોદય-૬-૪૫, સૂર્યાસ્ત-૬-૧૯, જૈન નવકારશી-૭-૩૩, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ હસ્ત

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૨-૦૯થી ૧૨-૫૫ સુધી, ૬-૪૫થી ચલ-લાભ-અમૃત-૧૧-૦૫ સુધી, ૧૨-૩૨થી શુભ-૧૩-૫૯ સુધી, ૧૬-૫૩થી ચલ-૧૮-૨૦ સુધી, ૨૧-૨૬થી લાભ-૨૨-૫૯ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૪૫ થી ૯-૩૮ સુધી,૧૦-૩૬થી ૧૧-૩૪ સુધી,૧૩-૩૦થી ૧૬-૨૪ સુધી,૧૭-૨૨થી ૧૮-૨૦ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૧૬.૧૦.૨૦૨૦ શુક્રવાર

મેષ (અ.લ.ઈ.) :- દિવસ દરમ્યાન નોકરીમાં મનગમતી જગ્યા મલવાની રાજકીયલાભ રહે. મિલ્કતથી લાભ મલવાનો.

વૃષભ (બ.વ.ઉ.) :- માનસીક ટેન્સન હળવું થવાનું છે આર્થિક લાભની આશા ફળવાની રોમાન્સમાં સફળતા.

મિથુન (ક.છ.ઘ.) :- સ્વાસ્ત્યમાં સુધારો થવાનો છે સામાજીક પ્રતિષ્ઠા વધે મિત્રોનો સહકાર સારો રહે.

કર્ક (ડ.હ.) :- સંતાનોને કાણે માનસિક તનાવ રહેવાનો મિલ્કતના પ્રશ્નોમાં સફળતા વિદેશથી લાભ.

સિંહ (મ.ટ.) :- જીવનસાથી સાથે મતભેદો થી દૂર રહેજો. સામાજીક કાર્યમાં સફળતા યાત્રા પ્રવાસ થાય.

કન્યા (પ.ઠ.ણ.) :- પિતાશ્રીનો સહકાર રહેવાનો નોકરીમાં પ્રમોશન પરિવારમાં માંગલીક પ્રસંગો ઉભા થાય.

તુલા (ર.ત.) :- તાજગી પૂર્ણ દિવસ રહેવાનો કોઈપણ કાર્યમાં સંપૂર્ણ ધ્યાન દેવું સાંસ્કૃતિક કાર્યમાં સફળતા નોકરીમાં ઉત્સર્વ રહેવાનો.

વૃશ્ચિક (ન.ય.) :- પ્રિયપાત્રની મુલાકાત થાય. કલક્ષેત્રે કોઈ ન ધારેકો લાભ રોજીંદા કાર્યમાં પણ તમારે ધ્યાન દેવું આત્મવિશ્વાસ વધવાનો.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- સર્જનાત્મક કાર્યોમાં સફળતા રહે. તમારા અનુભવોનો લાભ સંસ્થાને મલે. સંતાનોની પ્રગતિ યાત્રા પ્રવાસના શકયતા.

મકર (ખ.જ.) :- નિર્ધારીત સમયમાં કાર્યમાં સફળતા ન મલે. જેથી ટેન્શન રહે. વ્યર્થ સમય ન લગાડતા સાંજ પછી સારો સમય.

કુંભ (ગ.શ.સ.) :- પરિવારજનો સાથે મહત્વના ચર્ચા વિચારણા થાય. સગાઈના કાર્યમાં સફળતા રહે. વિદેશ જવા માટેની તક ઉભી થાય.

મીન (દ.ચ.ઝ.) :- નોકરીમાં દિવસ દરમ્યાન ઉપરા વર્ગ સાથે મતેભેદો ટાળજો તમારા કાર્યને વળગી રહે. જરૂર સફળતા પ્રતિષ્ઠા મેળવશો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# હિરેન પટેલ હત્યા કેસ માં ચારેય આરોપી ને વિડિયો કોન્ફરન્સ થી ઝાલોદ કોર્ટ માં રજૂ કરવામાં આવ્યા

**- પોલીસે ૧૪ દિવસ ના રિમાન્ડ માંગતા કોર્ટે સાત દિવસ ના જામીન મંજૂર કર્યા.**

**- સંવેદનશીલ અને હાઈ પ્રોફાઈલ કેસ હોઈ, તંત્ર ની તમામ મશીનરી ઉપયોગમાં લેવાઈ.**

ઝાલોદ,

ઝાલોદના કાઉન્સિલર અને અગ્રણી એવા હિરેનભાઈ પટેલ હત્યાકાંડ ની તપાસ માં ચાર જેટલા આરોપી ને પોલીસ વિભાગ ની વિવિધ ટીમો દ્વારા ઝડપી પાડવામાં આવ્યા બાદ, હિરેનભાઈ પટેલ નું મોત એ અકસ્માત નહિ પણ સુનિયોજિત કાવતરૂં હોવાનું બહાર આવ્યું હતું.અને આ હત્યાકાંડ માં મધ્ય પ્રદેશ ના બે તથા ગોધરા કાંડ ના આરોપી ઈરફાન પાડા તેમજ ઝાલોદ ના અજય કલાલના નામો બહાર આવતા જ, નગર નું વાતાવરણ ગરમાયું હતું. અને પકડાયેલા આરોપી પૈકી અજય કલાલ ના ઘર પર પથ્થર મારો પણ થયો હતો. એક સમયે નગર માં અજંપાભરી સ્થિતિ સર્જાઈ હતી. જો કે પોલીસ ની સૂઝબૂઝ થી તંગદિલી ટળી હતી.

આજે ગુરૂવારના રોજ આ તમામ પકડાયેલા આરોપીઓને ઝાલોદ ની કોર્ટ માં રિમાન્ડ માટે રજૂ કરવામાં આવનાર હોઈ સવાર થી જ પોલીસ આ કામગીરી માં જોતરાઈ હતી અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે અંગે ફૂંકી ફૂંકી અને પગલાં મૂકી રહી હતી.

ત્યારે આ ચારેય આરોપી ન વકીલ દ્વારા આરોપીઓ ની સુરક્ષાના પગલે તેમજ કોરોના પેનડેમિક ને લીધે આ તમામ આરોપીઓ ને ઓનલાઈન રજૂ કરવાં માટે ની અરજી કરવામાં આવી હતી. જેને મંજૂર કરવામાં આવતા. આ તમામ આરોપીઓ ને વિડિયો કોન્ફરન્સ થી જ રજૂ કરવામાં આવ્યા હતા.

પોલીસ દ્વારા આ તમામ આરોપીઓ ના ૧૪ દિવસ ના રિમાન્ડ માંગવામાં આવતા કોર્ટ દ્વારા ૨૨ મી ઓક્ટોબર સુધી ના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા.વધુ અને મોટા નામો ખુલવાની શક્યતાઓ ને પગલે આ સાત દિવસ પોલીસ થી લઈને મુખ્ય સૂત્રધાર સુધીના તમામ લોકો માટે ખુબજ કપરા બની રહે તેમ છે. ત્યારે પોલીસ પણ આ કેસ માટે એડી ચોટીનું જોર લગાવી રહી છે.

વિડિયો કોલ થી રજૂ કરવામાં આવ્યા નો ઝાલોદ કોર્ટ નો પ્રથમ કિસ્સો ચારેય આરોપીઓ ને રજૂ કરતી વખતે નગર ની શાંતિ ન જોખમાય થી લઈને આરોપીઓ ની સુરક્ષા નો પ્રશ્ન પણ ઉદભવે તેમ હોઈ, પોલીસ દ્વારા શાંતિ સમિતિ ની બેઠક બોલાવવા માં આવી હતી અને બેઠક ના સમય દરમ્યાન જ આ આરોપીઓ રજૂ થઈ જાય તો શાંતિ સમિતિ ની મીટીંગ ની સાથે સાથે પોલીસનું કામ પણ શાંતિ થી થઇ જાય એવી ગોઠવણ હોય તેવી શક્યતાઓ છે. પરંતુ વિડિયો કોલિંગ થી જ આ કામ પતી જતા પોલીસે પણ રાહત નો દમ લીધો હતો. જો કે આમ વિડિયો કોલિંગ થી આરોપીઓ રજૂ થયા હોય તેવો આ ઝાલોદ કોર્ટ નો પ્રથમ કિસ્સો છે. તો કદાચ જિલ્લા નો કે રાજ્ય નો પણ પ્રથમ કિસ્સો હોવાનું કહેવાઈ રહ્યું છે.

# કોરોના સામે તમામ સાવચેતીઓનું પાલન કરવાના શપથ લેતા જિલ્લા સેવા સદનના કર્મયોગીઓ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે આવેલી વિવિધ કચેરીના અધિકારીઓ–કર્મચારીઓએ આજ રોજ કલેક્ટર વિજય ખરાડીની આંગેવાનીમાં કોરોના સામે જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે શપથ ગ્રહણ કરી ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલાં જનઆંદોલન પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી.

આ પ્રસંગે સૌ કર્મયોગીઓએ માસ્ક પહેરવા, ૬ ફૂટનું અંતર જાળવવા, સાબુ અને સેનિટાઇઝેશનનો ઉપયોગ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. ઉપરાંત પોતાના સ્વજનોની રોગપ્રતિકારક શકિત વધારવા આયુષની ઉપચાર પદ્ધતિઓ અપનાવવા અને યોગ–વ્યાયામ ઇત્યાદિ જીવનશૈલીનો ભાગ બનાવવાના શપથ લીધા હતા. સૌ કર્મયોગીઓએ પરિવાર, વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખવા પણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે કલેકટર વિજય ખરાડીએ જણાવ્યું કે, અત્યારે કોરોના સામે કોઈ વેક્સિન મળી નથી ત્યારે આપણી પાસે સામાજિક અંતર–માસ્ક–સેનેટાઇઝરના એસએમએસના મંત્રનું પાલન જ સૌથી અસરકારક નીતિ છે. કોરોના સામેના આ અભિયાનમાં સરકારી કર્મચારી તરીકે આપણી વિશેષ જવાબદારી બને છે. આપણે સરકારી કચેરી ખાતે સરકારે જાહેર કરેલા નિયમોનું ચુસ્ત પાલન કરવું અનિવાર્ય છે. આપણે અંગત રીતે પણ કોરોના બાબતે લોકોને જાગૃત કરવાનું કામ કરવું જોઈએ. આ માટે સોશિયલ મિડિયાનો પણ ઉપયોગ કરી શકાય. કોરોના સામે જેટલી સાવચેતી રાખીશું એટલા જ સુરક્ષિત–સ્વસ્થ રહીશું.

આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર એમ.જે. દવે, એ.એસ.પી. શૈફાલી બારવાલ સહિતના અધિકારીઓ–કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# જીલ્લા રોજગાર કચેરી, દાહોદ દ્વારા જિલ્લા કક્ષાનો ઓનલાઇન ઔદ્યોગિક ભરતીમેળો, એપ્રન્ટિસશીપ મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિર યોજાઇ

દાહોદ,

દાહોદ જીલ્લાના ઉમેદવારો માટે ઓનલાઇન જીલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો, એપ્રન્ટિસશીપ મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિર આજ રોજ જીલ્લા રોજગાર કચેરી, દાહોદ દ્વારા યોજવામાં આવી હતી. આ ભરતી મેળામાં ૧૦૦ વધુ નોકરીવાંચ્છુક ઉમેદવારોએ ઓનલાઇન ભાગ લીધો હતો અને રાષ્ટ્રીય કક્ષાની વિવિધ કંપનીઓમાં ૫૩૦ જેટલી જગ્યાઓ માટે ઉમેદવારોને નોકરી માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઓનલાઈન ભરતી મેળામાં વિવિધ કંપનીઓ જેવી કે સીઆટ ટાયર લી., હાલોલ, આર.બી કાર્સ, દાહોદ ,ઝાયડસ મેડીકલ હોસ્પિટલ, દાહોદ, ન્યુ જનતા મેટલ વર્કસ, દાહોદ, વેલ્સન ફાર્મર ફર્ટીલાઈઝર, આણંદ, લુમેક્ષ પ્રા.લી, સાણંદ , ડેલ્ટા એસોસિએટ પ્રા.લી, સાણંદ, એલ એન્ડ ટી સ્કીલ કન્સ્ટ્રકશન તાલીમ કેન્દ્ર, અમદાવાદ વગેરે નોકરીદાતાઓએ ભાગ લીધો હતો. તેમના એકમમાં ૫૩૦ જેટલી ખાલી જગ્યાઓ માટે ધોરણ ૧૦–૧૨ પાસ, આઈ.ટી.આઈ, ડિપ્લોમા – ઈલેક્ટ્રીક, મિકેનિકલ, આટોમોબાઇલ, ઈલેક્ટ્રોનિકસ વગેરે ઉપરાંત ગ્રેજયુએટની લાયકાત તેમજ ૧૮ થી ૩૫ની વયમર્યાદાનાં ઉમેદવારોને જોડાવા આહ્વાન કરાયું હતું. રસ ધરાવતા ઉમેદવારોને બાયોડેટા મોકલવા અને ઈન્ટરવ્યું આપવા અંગે જાણ કરાઈ છે.

ભરતી મેળામાં એપ્રેન્ટીસશીપ યોજના હેઠળ જોડાવા ઈચ્છુક ઉમેદવારોને એપ્રેન્ટીસ એડવાઈઝર, આઈટીઆઈ, દાહોદ દ્વારા માર્ગદર્શન અપાયું હતું. ઉપરાંત વિઠલાપુર બડવે ગ્રુપ દ્વારા વેલ્ડર, ટર્નર, ફીટર, અને ધોરણ ૧૦ કે ૧૨ પાસ ઉમેદવારોને એપ્રેન્ટિસશિપની ૫૦ થી વધુ જગ્યાએ જોડાવા અંગે માહિતી અને માર્ગદર્શન અપાયા હતા. સ્વરોજગારી કરવા ઈચ્છુક ઉમેદવારોને જીલ્લા ઉધોગ કેન્દ્ર, દાહોદ દ્વારા લોન સહાય યોજના અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

સમગ્ર ભરતી મેળામાં ૧૦૦ થી વધુ લોકોએ ઓનલાઇન જોડાઈને લાભ લીધો હતો. સમગ્ર ભરતી મેળાનું સફળ સંચાલન જીલ્લા રોજગાર કચેરી, દાહોદે કર્યું હતું.

RTIમાં ચોંકાવનારો ખુલાસો

# ૭૦% આંગણવાડી ભાડાના મકાનમાં ચાલે છે



અમદાવાદ,

અમદાવાદ શહેરમાં ચાલુ નાણાંકીય વર્ષમાં આશરે દસ હજાર કરોડનું બજેટ મંજૂર કરાયું છે. અને શાસક પક્ષ દ્વારા કેટલાક વધારાના વિકાસના કામોને પણ લીલી ઝંડી અપાઈ છે. જો કે કોરોના મહામારીના પગલે આ મસ્તમોટા વિકાસના કામો ફક્ત કાગળ પરજ રહી જાય તો કોઈ નવાઈ નહિ. જોકે શરમજનક બાબત એ છે કે, આંગણવાડીમાં પોષણયુક્ત આહાર લેવા માટે આવતા ગરીબ પરિવારના બાળકો પ્રત્યે નજર નાખવામાં આવતી જ નથી. આમ તો શહેરમાં સ્માર્ટ આંગણવાડીના ઢોલ નગારા વગાડવામાં આવી રહ્યા છે. પરંતુ આર.ટી.આઈ એક્ટિવિસ્ટની આરટીઆઈમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, અમદાવાદ શહેરમાં ચાલી ૨૦૯૫ આંગણવાડી પૈકી ૧૪૩૭ આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં ચાલી રહ્યા છે. જ્યારે ૪૮૨ કેન્દ્રો જુદી જુદી યોજનાઓ હેઠળ બનેલા સરકારી મકાનમાં ચાલી રહ્યા છે. વધુમાં આઈ.સી.ડી.એસ વિભાગના જવાબમાં જણાવવામાં આવ્યું છે કે, ૧૭૫ કેન્દ્રો અન્ય સરકારી શાળાઓના કમ્પાઉન્ડમાં, પ્રા. શાળા અને કોમ્યુનિટી હોલ વગેરેમાં ચાલી રહ્યા છે.

ગરીબ પરિવારના બાળકો કુપોષણનો ભોગ ન બને તેવા આશયથી તંત્ર આંગણવાડી કેન્દ્રો ચલાવે છે. ૭ માસથી ૭ વર્ષ સુધીના બાળકોને બાલશક્તિ અને માતૃશક્તિ યોજના હેઠળ વય જૂથ પ્રમાણે બાલભોગ કે સુખડી અપાય છે. તે આંગણવાડીમાં આપવામાં આવતી હતી, પરંતુ હવે કોરોના મહામારીને પગલે સુખડી બનાવી લાભાર્થી બાળકોને પોતાના ઘર સુધી અઠવાડિયામાં ૩ વાર પહોંચાડવાની જવાબદારી પણ સોંપવામાં આવી છે. શહેરમાં ચાલતી આંગણવાડી કેન્દ્રો દીઠ ૩૦ લાભાર્થી ભૂલકા મુજબ શહેરમાં ચાલતી ૨૦૯૫ આંગણવાડીમાં આશરે ૮૨૮૮૦ તંદુરસ્ત શરીરનો લાભ આંગણવાડીના પૌષ્ટિક આહારથી મેળવી શકે છે. પરંતુ તેમાં દુઃખની બાબત એ છે કે, આંગણવાડી પ્રત્યે હંમેશા ઓરમાયું વર્તન રાખવામાં આવે છે. શહેરમાં વર્ષ ૨૦૧૫-૧૬ માં કુલ ૨૦૪૫ આંગણવાડી કેન્દ્રો હતા. જે વધીને ૨૦૧૯ -૨૦ માં ૨૦૯૫ થયા છે. એટલે કે છેલ્લા ચાર વર્ષમાં ફક્તને ફક્ત ૫૦ આંગણવાડી કેન્દ્રોનો વધારો નોંધાયો છે. મ્યુનિ. તિજોરીમાંથી ભાડાના મકાનમાં ચલાવતી આંગણવાડી માટે એન.જી.ઓને દર મહિને રૂપિયા ૬૦૦૦નું ભાડું ચૂકવાઈ રહ્યું છે. એટલે કે દર મહિને રૂપિયા ૮૬.૨૨ લાખ અને દર વર્ષે ૧૦.૩૫ કરોડ જેટલી અધધ વિવિધ એન.જી.ઓને ચૂકવવામાં આવી રહ્યાં છે. શહેરમાં ચાલતી ૧૨૭૬ આંગણવાડી કેન્દ્રોની સુપરવિઝનની જવાબદારી એનજીઓના સુપરવાઈઝરને સોંપાઈ હોઈ તે માટે આંગણવાડી દીઠ ૧૦૦૦ રૂપિયા અલગથી સુપરવિઝન ચાર્જ ચૂકવવામાં આવે છે. આરટીઆઈ એક્ટિવિસ્ટ યશ મકવાણાની આર.ટી.આઈના જવાબમાં આ પ્રકારની ચોંકાવનારી વિગતો જાણવા મળી છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૭ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૭૦૨ ને પાર પહોંચી ગયો છે. દાહોદ જિલ્લામાં મંથર ગતિએ કોરોના સંક્રમણ વધી રહ્યો છે. ત્યારે આરોગ્ય તંત્રની સઘન કામગીરીના પગલે છેલ્લા મહિનાઓથી કોરોના કેસોમાં વધતી સંખ્યામાં ઘટાડો અને સાજા થતાં દર્દીઓની સંખ્યમાં વધારો નોંધાવા પામ્યો છે.

આર.ટી.પી.સી.આર. ટેસ્ટના ૩૦૫ પૈકી પાંચ અને રેપીટ ટેસ્ટના ૧૨૩૦ પૈકી ૪ એમ કુલ મળી આજે ૦૭ કોરોના પોઝીટીવ કેસો નોંધાયા છે. આ સાત પૈકી દાહોદમાંથી ૪, ઝાલોદમાંથી ૧, દેવગઢ બારીઆમાંથી ૧ અને ફતેપુરામાંથી ૧ દર્દીનો સમાવેશ થાય છે. આજે વધુ ૮ દર્દીઓએ કોરોના સામે જંગ જીતતા તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી અને હવે એક્ટીવ કેસ ૬૮ રહેવા પામ્યા છે ત્યારે બીજી તરફ અત્યાર સુધી કોરોનાથી ૭૪ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

# નવરાત્રીમાં આરતી માટે પણ લેવી પડશે પોલીસની મંજૂરી

અમદાવાદ,

અમદાવાદમાં પોલીસે નવરાત્રી મુદ્દે મોટી સ્પર્ધા કરી છે. સરકારે ૨૦૦ લોકો ભેગા કરવાની મંજૂરી આપી છે પણ શરતી. પોલીસ પણ આ મુદ્દે કટીબધ્ધ છે. અમદાવાદમાં નવરાત્રીને લઈને પોલીસની સ્પષ્ટતા સામે આવી છે. નવરાત્રીમાં આરતી માટે પણ પોલીસની મંજૂરી લેવી પડશે. આરતી વખતે પણ લોકો વચ્ચે ૬ ફૂટનું અંતર રાખવું જોઈએ.

પ્લોટની ક્ષમતા પ્રમાણે જ માણસો ભેગા કરી શકાશે. સરકારે ૨૦૦ લોકો ભેગા કરવાની મંજૂરી આપી છે. આયોજન માટેનો પ્લોટ નાનો હશે તો ૨૦૦ લોકો ભેગા નહી કરી શકાય. કન્ટેઈનમેન્ટ ઝોનમાં આરતી માટે પોલીસની મંજૂરી નહી મળે. મંજૂરી વિના આયોજન કરવા પર ગુનો દાખલ કરવામાં આવશે.

# દાહોદમાં ૮ કર્મીઓ કોરોના પોઝીટીવ આવતા ભગિની સમાજ અઠવાડીયા માટે બંધ

દાહોદ,

ધીમે ધીમે કોરોનાના આંક ઘટતો જાય છે. તેવા સમયે દાહોદ શહેરના સુપ્રસિધ્ધ ભગિની સમાજમાં મેનેજર સહિત આઠ કર્મચારીઓને કોરોના પોઝીટીવ આવતા હાલ ભગિની સમાજ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દાહોદ જિલ્લામાં રોજેરોજ નોંધપાત્ર ટેસ્ટ કરવામાં આવે છે. જેમાં રેપીટ અને આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવે છે. દાહોદમાં વિવિધ પ્રકારના મસાલા અને તેજાના તેમજ વ્યંજનોની બનાવટ અને વેચાણ માટે સુપ્રસિદ્ધ એવા ભગિની સમાજના મેનેજરને કોરોના પોઝીટીવ આવતા તેમને હાલ વડોદરા સારવાર માટે રીફર કરવામાં આવ્યા છે. ત્યાર બાદ ભગિની સમાજના અન્ય ૭ કર્મચારીઓ કોરોના પોઝીટીવ આવતા સમગ્ર સંસ્થામાં ફફડાટ ફેલાઈ ગયો છે. ભગિની સમાજ સાત દિવસ માટે બંધ કરી સેનેટાઈઝેશન કરવામાં આવ્યુ છે. જિલ્લામાં કુલ આંકડો ૧૬૯૫ પર પહોંચ્યો છે.

એક એવી હોસ્પિટલ જેમાં કેસ કાઉન્ટર જ નથી

# ભાવનગરના ઉમરાળા તાલુકાના ગામડાની હોસ્પિટલમાં કોઈ ચાર્જ વગર રોજ ૨૫ ઓપરેશન

ગોધરા,

ભાવનગરની સિવિલ હોસ્પિટલ કરતા એક ગામડાની હોસ્પિટલમાં રોજની OPD આઉટ પેશન્ટ ડીપાર્ટમેન્ટ ૧૦૦૦ થી વધુ થાય છે ! રોજના ૨૫ થી વધુ ઓપરેશન થાય છે ! સુરતમાં ૫૦૦ કરોડ કરતા વધુ ખર્ચથી બનેલી કિરણ હોસ્પિટલ કરતા પણ વધુ OPD થાય છે ! સુરતથી રોજના અસંખ્ય દર્દીઓ આ ગામડાની હોસ્પિટલમાં સારવાર માટે આવે છે !

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ટીંબી ગામની નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલની આ વાત છે. આ હોસ્પિટલની વિશેષતા શું છે ? અહીં સર્જરી થાય છે. પ્રોસ્ટેટ/થાઈરોઈડ/એપેન્ડિકસ/આંતરડા, નાક, કાન, ગળા/સીઝેરિયન/મોતિયા/ઝામર/ઓર્થોપેડિક/મણકા/ફેફસા/ગર્ભાશયની કોથળી વગેરે. સુવિધાઓ શું છે ? ૨૪ કલાક ઈમરજન્સી સારવાર/અદ્યતન લેબોરેટરી/ફીઝિયોથેરાપી/ફેકો મશીન/ફિટલ ડોપ્લર/ઓટો રીફેક્ટોમીટર/લેસર મશીન/નવજાત બાળકો માટે વોર્મર/ડિજિટલ એક્સ–રે/ડેન્ટલ એક્સ–રે/ટોનીમીટર/કલર ડોપ્લર/ઈકોકાર્ડિયોગ્રામ/TMT ટ્રેડમિલ ટેસ્ટ/હાર્ટએટેક માટેની થ્રોમ્બોલિસિસ – ડીફિબ્રીલેશન; મોનિટરિંગ વગેરેની સુવિધા ધરાવેલ છે.

તમે નહી માનો; આ હોસ્પિટલમાં કેશ કાઉન્ટર જ નથી ! ધર્મ/જ્ઞાતિ/જાતિના ભેદભાવ નહી; માત્ર માનવસેવા. સારવાર મફત, દવાઓ મફત, જમવાનું મફત,ઓપરેશનનો પણ કોઈ ચાર્જ નહી. દર મહિને ૫૦ લાખનો ખર્ચ થાય છે. આ આરોગ્યધામ ૯ જન્યુઆરી, ૨૦૧૧ માં ૫ કરોડના ખર્ચે બન્યું. આનો વિચાર ૨૦૦૫માં શિવરાત્રિના દિવસે ઢસા ખાતે સ્વામી નિર્દોષાનંદજીને આવ્યો. તેમણે જોયું કે પૈસાના અભાવે દર્દીઓના મોત થાય છે. તેમણે ૮ વ્યકિતઓનું ટ્રસ્ટ બનાવ્યું. પાસે એક રૂપિયો નહી. નિર્દોષાનંદજી પૈસાને સ્પર્શ ન કરે. લાકડી અને કમંડળ તેની સંપતિ. સ્ટ્રસ્ટીઓ મૂંઝાય. નિર્દોષાનંદજીને પૂરો આત્મવિશ્વાસ; કહે : માનવતા મોટી છે, થઈ જશે ! માનવસેવા એજ પ્રભુસેવા.

નિર્દોષાનંદજીની સુવાસ તો જૂઓ ! શરૂઆતમાં જ ૪ કરોડનો ફાળો થયો ! દાતાઓ પણ કેવા ! ૨૦૧૧ થી ખીમજીભાઈ દેવાણી દર મહિને ૫ લાખ આપે છે. ૧૩ આજીવન દાતાઓ છે; જે દર મહિને ૧ લાખ આપે છે ! બીજા પણ દાતાઓ છે. ૩૧ ઓક્ટોબર, ૨૦૧૯ ના રોજ ભોજનાલયનું ખાતમુહૂર્ત હતું; જે ૪ કરોડના ખર્ચે તૈયાર થયું; તેના દાતા છે.


ધનસુખભાઈ દેવાણી; એકલા જ ! આ હોસ્પિટલને ૯ વર્ષ એટલે કે ૩૦૦૦ દિવસ થયા; તેની ઊજવણી છે. અત્યાર સુધીમાં ૧૪,૩૬,૨૫૭ OPD સારવાર; ૩૭,૪૫૩ સર્જરી; ૫,૮૪,૪૩૭ અન્ય વિભાગોમાં સારવાર; ૬,૪૧૮ પ્રસૂતિઓ; ૭,૩૮૧ મોતિયા/ઝામર/વેલના ઓપરેશન અને ૨૧,૦૨,૮૦૦ ભોજનાર્થીઓ ! દર્દીઓને સવાર–સાંજ ગાયનું તાજું દૂધ ! સગર્ભા મહિલાઓને શુદ્ધ ઘીની સુખડી અને ઓસડિયાયુક્ત આહાર !

હું પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી નિર્દોષાનંદ સ્વામીજીને દિલથી નમન કે તેમણે દર્દીઓને દેવ માની સાચી ભકિતનું ઉદાહરણ સમાજને આપ્યું છે....તેઓએ ધાર્યું હોત તો બહુ મોટું મંદિર કે આશ્રમ બાંધી શક્યા હોત...ભક્તોના દાનમાંથી ભોગ વિલાસ અને વૈભવી સુવિધાઓ ભોગવી શક્યા હોત..... પણ ના, એમનું સાદું, સરળ ને શિવ પરાયણ જીવન હતું.

આવા મહાન સંત માંથી મારે, તમારે, કથાકારોએ બાપુઓએ, સ્વામીઓએ, દાદાઓએ, દીદીઓએ, ગુરૂદેવોએ, ગાયકોએ, સાહિત્યકારોએ, સંતો, મહંતોએ પ્રેરણા લેવી જોઈએ..... માત્ર મીઠી મીઠી ને સારી સારી વાતો કરવાથી કાંઈ ભગવાન રાજી નહીં થાય, દેશ આગળ નો આવે.

તમારી નજીક કોઈ દર્દી સારવારના અભાવે મૃત્યુ ન પામે; એટલી તકેદારી લેશો. આંગળી ચીંધીએ એનુ પણ પુણ્ય છે .....

# રાજ્યમાં આજથી ૧૯ ઓક્ટબર સુધી વરસાદની આગાહી



અમદાવાદ,

ગુજરાતમાંથી ચોમાસું વિદાય લઈ રહ્યું છે ત્યારે દેશમાં હજુ પણ કેટલાંક રાજ્યોમાં વરસાદી સિસ્ટમ સક્રિય થતાં ભારે વરસાદ વરસી રહ્યો છે. ત્યારે આગામી ૧૬ થી ૧૯ ઓક્ટબર દરમિયાન ગુજરાતમાં પણ વાવાઝોડા સાથે ભારે વરસાદનો ખતરાને લઈને અલર્ટ આપવામાં આવ્યું છે. હાલ હૈદરાબાદ પર સક્રિય વરસાદી સિસ્ટમ મુંબઈના માર્ગ દ્વારા દક્ષિણ ગુજરાતમાં પ્રવેશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. મુંબઈથી પસાર થયા બાદ વરસાદી સિસ્ટમ વાવાઝોડામાં પરિવર્તિત થતા ગુજરાતમાં વરસાદ આવશે, જેમાં સૌથી વધુ અસર દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં જોવા મળશે તેવું હવામાન ખાતાનું કહેવું છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક મનોરમા મોહન્તિના જણાવ્યા અનુસાર, વરસાદી સિસ્ટમ મુજબ પોરબંદર, જૂનાગઢ, જામનગર, સુરત, વલસાડ, નવસારી, ભરૂચ સહિત વિસ્તારોમાં વરસાદ દસ્તક આપી શકે છે. ત્યારે અમદાવાદ, વડોદરા સહિત મધ્ય ગુજરાતમાં સામાન્ય વરસાદી ઝપટા પડી શકે છે. તેથી માછીમારોને ૩ દિવસ સુધી દરિયો ન ખેડવાની પણ સૂચના આપી દેવાઈ છે. રાજ્યમાં વિદાય સાથે ફરી મેઘ મહેરની આગાહી કરવામાં આવી છે.

ગુજરાતમાં હજી વરસાદનું આગમન થયું નથી, પરંતુ કેટલાક રાજ્યોમાં વરસાદ વરસી રહ્યો છે. ખાસ કરીને મુંબઈમાં હિન્દમાતા, પરેલ, ભાયખલ્લા રોડ સહિત અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા. મુંબઈ, થાણે, પાલઘરમાં યલો એલર્ટ જ્યારે સિંધુદુર્ગ, રત્નાગિરીમાં રેડ એલર્ટ જાહેર કરાયલી છે. કોલાબામાં અત્યાર સુધીમાં ૮૫ મિલીમીટર, સાંતાક્રૂઝમાં ૬૬ મિમી, વરસાદ વરસી ચૂક્યો છે. હવામાન ખાતાએ આગામી ૪૮ કલાકમાં એલર્ટ જાહેર કરેલી છે. મુંબઈ, થાણે, પાલઘરમાં યલો એલર્ટ જ્યારે સિંધુદુર્ગ, રત્નાગિરીમાં રેડ એલર્ટ જાહેર કરાયલી છે. તો બીજી તરફ, દક્ષિણ ભારતમાં પૂરની સ્થિતિ ઉદભવી છે. તેલંગણા અને આંધ્રના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદના કારણે આવેલા પૂરથી જનજીવન પ્રભાવિત થયું છે. પૂર અને વરસાદના કારણે અત્યાર સુધીમાં ૧૯ લોકોના જીવ ગયા છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 48

તા.૧૬/૧૦/૨૦૨૦
શુક્રવાર

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## મોરવા(હ) તાલુકાના મનરેગા યોજનામાં ભ્રષ્ટાચાર

# ગ્રામ પંચાયતો દ્વારા વિકાસના કામોમાં ગોબાચારી આચરીને સરપંચો ટટ્ટાર

- સૌથી વધુ કુશળ શ્રમિકો ધરાવનાર તાલુકો હોવા છતાં શહેરોમાં સ્થળાંતરિત.
- શહેરોમાં કામ કરનાર શ્રમિકોના જોબકાર્ડ હેઠળ બોગસ વેતન ચુકવાયું.
- સગાસંબંધિઓને જોબકાર્ડ પધરાવાયા પાછળ તાલુકા પંચાયતનો સ્ટાફ જવાબદાર.
- વિકાસના કામોમાં ગેરરીતિ આચરાયા પાછળ ગ્રામ પંચાયતોની ભૂમિકા સામે પ્રશ્નાર્થ.
- તપાસની રજૂઆત બાદ કોઈ કાર્યવાહી હાથ નહીં ધરાતા અનેક પ્રશ્નાર્થ.
- હવે તહેવારો નજીક આવતા શહેરોમાંથી સ્થળાંતરિત થઈને ગ્રામ્ય વિસ્તારમાં પહોંચશે.
- ગ્રામ પંચાયતના અને તાલુકા પંચાયતની મિલીભગત હેઠળ ભ્રષ્ટાચાર.



ગોધરા,
મોરવા(હ) તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી નરેગા યોજના હેઠળ વિકાસના કામોમાં ગેરરીતિ આચરાઈ રહી છે. અનેક રજૂઆત બાદપણ કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવતા તપાસ અધિકારી તાલુકા પંચાયત સામે અનેક પ્રશ્નાર્થો સર્જાયા છે. પંચમહાલ જીલ્લામાં સૌથી વધુ કુશળ શ્રમિકો ધરાવાની સાથે શહેરોમાં રોજગારી અર્થે સ્થળાંતરિત થાય છે. તેવા મોરવા(હ) તાલુકાના મનરેગા યોજનામાં ભ્રષ્ટાચારની બૂમો ઊઠી રહી છે.

પંચમહાલ જીલ્લામાં મોરવા(હ) તાલુકા પછાત છે. કોઈ સિંચાઈની સગવડ ન હોવાથી સૌથી વધુ ખેડુતો ખેતી ઉપર આધારીત છે. ખેડુતો વરસાદી ખેતી ઉપર નિર્ભર રહીને બે ટંકનું ભોજન મેળવે છે. કોઈ રોજગારીની તક ન હોવાથી મોરવા(હ)ના ગ્રામ્ય વિસ્તારના કુશળ શ્રમિકો અમદાવાદ, રાજકોટ, સુરત સુધી રોજગારી અર્થે સ્થાળાંતરીત કરે છે જીલ્લામાંથી સૌથી વધુ અર્ધ વાર્ષિક બેકારી મોરવા(હ) તાલુકો ધરાવે છે અને આ સ્થળાંતરિત અટકાવવા માટે મનરેગા યોજના આર્શીવાદરૂપ છે. સૌથી વધુ શ્રમિકો મોરવા(હ) તાલુકામાં છે. અને શહેરોમાં બાંધકામ ક્ષેત્રે પોતાની કૌશલ્ય પૂરવાર કરે છે. છેલ્લા કેટલાક સમયથી મનરેગા યોજના હેઠળ મોરવા(હ) તાલુકામાં સ્થળાંતરિત અટકે તે માટે સૌથી વધુ શ્રમિકો નોંધાયેલા છે. અને તેઓને કામ કૌશલ્ય પ્રમાણે મળી રહે તે માટે માટેના પ્રયત્નો કરાય છે. મોરવા(હ) તાલુકાના ગ્રામ્ય વિસ્તારોની ગ્રામ પંચાયતો પાસેથી વિકાસના કામો જેવાં કે આરસીસી રોડ, કેટલ શેડ, નાળા તથા કૃષિલક્ષી યોજનાઓનો સમાવેશ કરાય છે. પરંતુ ગ્રામ પંચાયતના સરપંચ, તલાટી તથા હોદ્દેદારો અને તાલુકા પંચાયતના પદાધિકારીઓની મિલીભગતથી હાથ ધરાતા કામો સંપૂર્ણપણે યોજનાના નિયમપ્રમાણે હાથ નહીં ધરાતા હોવાના આક્ષેપો ઊઠ્યા છે. અવારનવાર ગ્રામ પંચાયતો દ્વારા વિકાસના કામોની દરખાસ્ત તાલુકા પંચાયતમાં મોકલી આપે છે. અનેક રજૂઆતો તથા રાજકીય હસ્તક્ષેપ બાદ કામો મંજૂર થાય છે. પરંતુ તાલુકા પંચાયતની તાંત્રિક ટીમ અને ગ્રામ પંચાયતના હોદ્દેદારોની મિલીભગત હેઠળ સ્થળ ઉપર કામ નહી કરીને બારોબાર નાણાં ઉપાડી લેવા, નિયમ પ્રમાણે સામગ્રી નહી વાપરીને તકલાદી કામગીરી કરવી, બહારના એવા પૈસાદાર શ્રમિકોની જોબકાર્ડમાં નામ દાખલ કરવા, કામગીરી કરતા વધુ નાણાં કોન્ટ્રાકરોને ચૂકવવા જેવી ગેરરીતિ આચરવામાં આવી રહી છે. અવારનવાર સ્થળ મુલાકાત લઈને આચરાયેલી ગેરરીતિ સામે તપાસ કરવા માટે માંગ કરાયેલી છે. પરંતુ મોરવા(હ) તાલુકા પંચાયતના અધિકારીઓ દ્વારા તાલુકાના વિવિધ ગ્રામ પંચાયતોએ કરેલા મનરેગા કામોની તપાસ માટે કોઈ કાર્યવાહી નહીં કરીને નિષ્ક્રિય રહ્યા છે. આ રજૂઆત સંદર્ભે તપાસ હાથ ધરવામાં આવે જેથી શ્રમિકોને ન્યાય મેળવી શકે હાલમાં તહેવારો આવતા હવે કુશળ શ્રમિકો વતનમાં આવીને કામની માંગણી કરનાર છે. તેવા સમયે મજૂરોને વિકાસના કામો આપવાની માંગણી ઊઠી છે અને હાથ ધરાયેલી વિકાસના કામોની ગેરરીતિની તપાસની માંગ કરવામાં આવે તે જરૂરી છે. મોરવા(હ) તાલુકો પછાત હોવાના કારણે રાજકીય રીતે કોઈ ધારદાર સરકારમાં રજૂઆત કરવામાં નહીં આવતા જીઆઈડીસી જેવી રોજગારલક્ષી યોજનાઓ મંજૂર થતી નથી. ગ્રામ્ય વિસ્તારોમાં યુવા બેરોજગારોને ઘર આંગણે રોજગારી નહીં મળવાના કારણે શહેરોમાં બાંધકામ ક્ષેત્રે રોજગારી માટે ભટકી રહ્યા છે. બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાં સરપંચો તથા પદાધિકારીઓ વિકાસના કામો માટે આંખ આડા કાન કરી રહ્યા છે. જેના કારણે તેઓને ઘર આંગણે રોજગારી મળતી નથી. અવારનવાર રજુઆત કરીને આવા કુશળ શ્રમિકોને રોજગારી મળે તેવા પ્રયત્નો હાથ ધરવાની માંગ છેક મુખ્યમંત્રી કક્ષાએ રજુઆત કરાયેલી છે. તેમ છતાં આવા અતિપછાત મોરવા(હ) તાલુકામાં રોજગારલક્ષી યોજનાઓ કાર્યરત કરવામાં આવતી નથી. આવા સમયે મનરેગા યોજના એકમાત્ર આધારસ્તંભ છે. તેમ છતાં ગ્રામ પંચાયતો એ ઉદાસીનતા દાખવીને આરસીસી રોડ, કેટલેશ રોડ, તથા કૃષિલક્ષી યોજનાઓ કાર્યરત નહી કરીને આવા બેરોજગારોને અન્યાય કરી રહ્યા છે. ગ્રામ પંચાયતો દ્વારા આચરાયેલા ભ્રષ્ટાચાર બાબતે તાલુકા પંચાયતનો તાંત્રિક સ્ટાફ પણ એટલો જ જવાબદાર ગણાવી રહ્યો છે. બોગસ શ્રમિકોને વેતન આપવાની મિલીભગતની પરંપરા અત્યાર સુધી કાર્યરત રહેતા અનેક શ્રમિકો અન્યાયની લાગણી અનુભવી રહ્યા છે. આવા સમયમાં ગ્રામ્ય વિસ્તારોની ડીડીઓ દ્વારા મુલાકાત લઈને તપાસ હાથ ધરવામાં આવે તો ઘણું ભોપાળું બહાર આવે તેવી શકયતાઓને નકારી શકે તેમ નથી પણ તંત્રમાં તપાસની દાનત છે ખરી.

## ગોધરા શહેરને અડીને આવેલ વાવડી બુઝર્ગની દડી કોલોનીમાં વર્ષોથી કાયમી વિજ ધાંધીયાથી રહિશો પરેશાન

ગોધરા,
ગોધરા શહેરને અડીને આવેલ વાવડી બુઝર્ગ ગામની દડી કોલોનીમાં કાયમી લાઈટ બંધ થવાની સમસ્યાને લઈ રહિશો પરેશાન થઈ રહ્યા છે. લાઈટ બંધ થવાની સમસ્યા દુર કરવા માટે વર્ષોથી મધ્ય ગુજરાત વિજ કંપનીમાં રજુઆત કરવામાં આવે છે. તેમ છતાં દડી કોલોનીના રહિશોને પડતી મુશ્કેલીઓના કાયમી નિકાલ નહિ કરીને રહિશોની ઉપેક્ષા વિજ કંપની દ્વારા કરવામાં આવી રહી છે.

ગોધરા શહેરના દાહોદ હાઈવે રોડ ઉપર વાવડી બુઝર્ગ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ દડી કોલોનીમાં ૧૩૦ જેટલા રહેણાંક મકાનો આવેલ છે. દડી કોલોનીના રહિશો કાયમી લાઈટ બંધ થવાની સમસ્યા વેઠી રહ્યા છે. કાયમી દિવસ ને રાત્રીના સમયે લાઈટ બંધ રહેતી હોય જેને લઈ સ્થાનિક રહિશો દ્વારા ૨૦૧૮ના વર્ષમાં વિજળીને લગતી ફરિયાદો તેમજ પ્રશ્નોના નિવારણ અર્થે લોકદરબાર કાર્યક્રમમાં રજુઆત કરવામાં આવી હતી અને લાઈટ બંધ થવાની કાયમી સમસ્યા દૂર કરવા માટે નવી

**લાઈટ બંધ થવાની સમસ્યાને લઈ ૨૦૧૮માં લોક દરબાર અને ૨૦૧૯માં જીલ્લા સ્વાગતમાં રહિશો દ્વારા પ્રશ્ન લઈ જવામાં આવ્યા છતાં નિકાલ થયો નથી**

ડી.પી. મૂકી આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. તેમ છતાં મધ્ય ગુજરાત વિજ કંપની દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં નહિ આવતા જીલ્લા કલેકટરની અદયક્ષતામાં યોજના જીલ્લાકક્ષાની સ્વાગત કાર્યક્રમમાં નવેમ્બર ૨૦૧૯માં દડી કોલોનીમાં લાઈટની કાયમી સમસ્યાનો પ્રશ્ન રજુ કરવામાં આવ્યો હતો. જેમાં જીલ્લા કલેકટર કચેરી દ્વારા મધ્ય ગુજરાત વિજ કંપનીને લેખિતમાં પત્ર પાઠવીને દડી કોલોનીના રહિશોની કાયમી વિજળી બંધ થવાના પ્રશ્ન અંગે કાર્યવાહી જવાબ આપવા વિજ કંપનીને જણાવવામાં આવ્યું હતું. ત્યારે દડી કોલોની થી ૧૫૦૦ મીટર અંતરે ડી.પી. આવેલ હોવાથી નવી ડી.પી. જરૂરીયાત નથી તેમજ નવા થાંભલા નાખવાની કામગીરી કરવામાં આવી રહી તેવા જવાબ કરીને દડી કોલોનીના રહિશોને કાયમી લાઈટ જવાના પ્રશ્નને યોગ્ય નિકાલ નહિ કરી ટેકનીકલ જવાબો કરીને નિકાલ કરી દેવાની ખાત્રી આપી સ્થાનિક રહિશોની રજુઆતને ખોરંભે ચડાવી દેવામાં આવ્યો હતો. જેનો આજદિન સુધી મધ્ય ગુજરાત વિજ કંપની દ્વારા કાયમી ઉકેલ કરવામાં આવ્યો નથી. જેને લઈ હાલમાં પણ દડી કોલોનીમાં લાઈટ બંધ થવાની સમસ્યા જોવા મળી રહી છે. અવારનવાર લાઈટ બંધ થવી ટેકનીકલ ફોલ્ડના નામે કલાકો સુધી વિજ લાઈન ચાલુ નહિ કરી સ્થાનિક રહિશોને જાણ વિજ કંપની દ્વારા માનસીક ત્રાસ આપવામાં આવી રહ્યો છે. તેવી સ્થિતી જોવા મળી રહી છે. રાત્રીના સમયે લાઈટ બંધ થાય તો વિજ કમ્પ્લેઈન ટેલિફોન નંબરનું રીસીવર બાજુમાં મૂકીને દેવામાં આવતો હોય છે. દડી કોલોનીમાં અવારનવાર વિજ પુરવઠો ખોરવાઈ જવાની સાથે અમુક દિવસોમાં કલાકો સુધી લો–પાવર સપ્લાયને લઈને લાઈટો ડીમ રહેતી હોય જેને લઈ વિજ ઉપકરણોને પણ નુકશાન થતું હોય છે તેમ છતાં લાઈટ બંધ થવાની સમસ્યાનો નિકાલ કરવામાં વિજ કંપની લોકોની સમસ્યાને ધ્યાન ઉપર લઈ રહી નથી. પ્રશ્ન થાય કે ગોધરા શહેરની અડીને આવેલ વાવડી બુઝર્ગ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ દડી કોલોનીના રહિશો જયારે વર્ષોથી કાયમી વિજ ધાંધીયા થી પરેશાન થઈ રહ્યા છે. તેમ છતાં વિજ કંપની યોગ્ય ઉકેલ લાવવામાં નિષ્ફળ રહેતી હોય ત્યારે જીલ્લાના અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં વિજ સમસ્યાનો સામનો કરતાં લોકોના પ્રશ્નોનો નિકાલ કેવી રીતે અને કેટલા સમયમાં થતો હશે તે માત્ર વિચારવાનું રહ્યું.

## ઘોઘંબા તાલુકાના સીમલીયા જીલ્લા પંચાયત બેઠક માટે મીટીંગ યોજાઈ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમીતભાઈ ચાવડા સાહેબ ના આદેશ પ્રમાણે પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના જિલ્લા પંચાયત ખરોડ ખરોડની માલુ ગોરાડા વાવકુંડલી જિલ્લા પંચાયતની બોર ગામે સીમલીયા જિલ્લા પંચાયત સીમલીયા ખાતે મિટિંગ બેઠક તા. ૧૫. ૧૦ .૨૦૨૦. ના રોજ કોંગ્રેસ આગેવાનોની ની મીટીંગ આગામી ચૂંટણીઓને ધ્યાનમાં લઈ પક્ષની રણનીતિ કાર્યક્રમો સભ્ય નોંધણી છેવાડાના ગામડાઓનું ઓનલાઈન શિક્ષણ ના વિષયમાં જેવી બાબતોના અમલ માટે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અજીતસિંહ ભાટી ની ઉપસ્થિતિમાં યોજાઈ હતી . જેમાં પ્રદેશ મંત્રી નિરીક્ષક રફિકભાઈ તિજોરી વાલા ઘોઘંબા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ચેતન સિંહ પરમાર, આદિ જાતિ મોરચાના પ્રમુખ ગુલ સિહ રાઠવા .સાજીદ વલી પંચમહાલ જિલ્લા સોશિયલ મીડિયા ડિપાર્ટમેન્ટ કો–ઓર્ડીનેટર ગુજરાત પ્રદેશ .ઘોઘંબા તાલુકા કોંગ્રેસ મહામંત્રી સંજય સિંહ સોલંકી. પંચમહાલ જિલ્લા સેવા દળના પ્રમુખ ભવન સિહ પટેલ. પંચમહાલ જિલ્લા યુથ કોંગ્રેસ મહામંત્રી. તેજેન્દ્ર પઢીયાર. તેમજ ખરોડ જિલ્લા પંચાયતની બેઠક પર આગેવાન રમેશભાઈ. હિંમતસિંહ. બીજી વાવકુલી બેઠક પર.આદિજાતિ મોરચાના ઘોઘંબા તાલુકાના પ્રમુખ કનુભાઈ રાઠવા કિરણ સિંહજી તેમજ સીમલીયા જિલ્લા પંચાયતની બેઠક પર ઘોઘંબા તાલુકા ઉપપ્રમુખ ભૈરવસિંહ ભાઈ. રીટાયર્ડ ડીવાયએસપી રંગલ સિંહ સાહેબ ઘોઘંબા તાલુકા સદસ્ય ગોપાલભાઈ તેમજ મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



શ્રી સ્વામિનારાયણ મંદિર (ટાવરવાળું) ગોધરા અધિકમાસ નિમિત્તે શ્રી કષ્ટભંજન દેવનો ફૂલોના શણગાર એવમ અન્નકૂટ ઉત્સવ ના દર્શન

## પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે કલેક્ટરની અધ્યક્ષતામાં કોરોના જનજાગૃતિ શપથ



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
કોવિડ સંક્રમણના પ્રસારને રોકવા જનસામાન્યમાં મોટાપાયે જાગૃતિ પ્રસરાવવા સરકાર દ્વારા આરંભાયેલ જન આંદોલન અંતર્ગત પંચમહાલ જિલ્લા સેવાસદન ખાતે જિલ્લા કલેકટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના કર્મચારીઓ અને કર્મયોગીઓ દ્વારા કોવિડ સંક્રમણના બચાવ સંબંધિત તકેદારીઓનું ચુસ્ત પાલન કરવાના અને કોવિડ જનજાગૃતિના શપથ લીધા હતા. કલેકટર અમિત અરોરાના નેતૃત્વમાં સૌ અધિકારીઓ–કર્મચારીઓએ કોરોના મહામારીના ફેલાવાને રોકવા અંગે લોકોમાં જાગૃત્તિ આવે તે માટે પ્રયાસો કરવા, માસ્ક પહેર્યા વિના ઘરની બહાર નહી નીકળવા, દરેકથી ઓછામાં ઓછું ૬ ફૂટ નું અંતર જાળવવા,વારંવાર સાબુથી હાથ ધોવા કે સેનેટાઈઝ કરતા રહેવા,પોતાની તથા સ્વજનોની રોગપ્રતિકારક શકિત વધારવા આયુષની ઉપચાર પદ્ધતિઓ અપનાવવા અને યોગ– વ્યાયામ ઈત્યાદિથી જીવનશૈલી સુધારવા, પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બીમાર લોકોની વિશેષ કાળજી રાખવા અંગેની પ્રતિજ્ઞા લીધી હતી. જિલ્લા કલેક્ટરએ જણાવ્યું હતું કે કોરોના મહામારી સામેની લડાઈ હજી પૂરી થઈ નથી અને જરા પણ બેદરકાર રહેવાની કિંમત સંક્રમિત થઈને ચૂકવવી પડે તેવી સ્થિતિ છે. ત્યારે સમાજના અગ્રણીઓ–આગેવાનો, અધિકારીઓ–કર્મચારીઓ દ્વારા સંક્રમણ સામેની તકેદારીઓના ચુસ્ત પાલન અંગેની શપથનો કાર્યક્રમ લોકોને જરૂરી પ્રેરણા અને બળ પૂરૂ પાડનાર બની રહેશે. તેમણે ઉપસ્થિત અધિકારીઓ–કર્મચારીઓને આ શપથ અનુસાર અન્યો માટે કોરોના સંબંધિત સાવચેતીઓના પાલન સંદર્ભે અનુકરણીય ઉદાહરણ પ્રસ્તુત કરવા જણાવ્યું હતું. જન આંદોલનના ભાગરૂપે આજે સમગ્ર પંચમહાલ જિલ્લામાં સરકારી કચેરીઓ, અર્ધ સરકારી કચેરીઓ, બોર્ડ કોર્પોરેશનો, નિગમો, જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો, ધર્મગુરૂઓ, અગ્રણીઓ, મહાજનો અને સમાજના તમામ વર્ગોના લોકોએ જોડાઈને પ્રતિજ્ઞા લીધી હતી. જિલ્લા કલેક્ટર કચેરીના પ્રાગણમાં યોજાયેલ શપથ–પ્રતિજ્ઞા વાંચન કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટર એલ.બી.બાંભણિયા, જિલ્લા પુરવઠા અધિકારી સુ એન.બી. રાજપૂત સહિતના અધિકારીઓ–કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લાની વિવિધ કચેરીઓમાં કચેરીના વડાની અદયક્ષતામાં આ શપથનું મોટાપાયે આયોજન કરવામાં આવ્યું હતું.

## જાંબુઘોડા સાદડા ગામે બનાવેલ દિપડા રેસ્ક્યુ સેન્ટરનું ઉદ્દ્ઘાટન



જાંબુઘોડા,
આજ રોજ ગુજરાત સરકારના મંત્રીશ્રી અને હાલોલ વિધાનસભાના લોકલાડીલા ધારાસભ્ય શ્રીજયદ્રથસિંહજી પરમાર, તથા છોટાઉદેપુર લોકસભાના સાંસદ શ્રીમતી ગીતાબેન રાઠવાની પ્રેરક ઉપસ્થિતિમાં પંચમહાલ જિલ્લા યુવા મોરચાના કારોબારી સભ્ય અને પંચમહાલ જિલ્લા ખરીદ વેચાણ સંઘના ડિરેક્ટર શ્રીમયુરધ્વજસિંહજી પરમાર, ભારતીય જનતા પાર્ટી જાંબુઘોડાના પ્રમુખ શ્રીમયંકકુમાર દેસાઈ, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રીમતી કેતુબેન દેસાઈ, એપીએમસીના ચેરમેન શ્રીજ્યોતિન્દ્રસિંહ રાણા, તાલુકા પંચાયત પ્રમુખ દ્વારા જાંબુઘોડા તાલુકાના સાદડા ગામે વન વિભાગ જાંબુઘોડા દ્વારા બનાવવામાંઆવેલ દિપડા રેસ્ક્યુ સેન્ટરનું ઉદ્દઘાટન કરવામાં આવ્યુ.

## પંચમહાલ જીલ્લામાં આજરોજ ૨૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

### ગોધરા SRP નગરમાં ૯ કોરોના પોઝીટીવ કેસ

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના કહેશ યથાવત જોવા મળી રહ્યો છે. ગોધરા શહેરમાં થોડા દિવસોથી કોરોના પોઝીટીવ કેસની સંખ્યામાં ઘટાડો નોંધાતા લોકો બેફિકર બનતા જોવા મળી રહ્યા છે. માસ્ક કે સોશ્યલ ડિસ્ટન્સ પણ અનદેખી કરવામાં આવી રહી છે. જેના પરિણામ ગોધરા શહેરમાં એક સાથે આજરોજ ૧૪ પોઝીટીવ કેસ નોંધાયા છે. જેમાં ૯ પોઝીટીવ કેસ એસ.આર.પી. નગરમાં નોંધાતા આરોગ્ય વિભાગ સર્તક બન્યું છે.

**કુલ પોઝીટીવ આંક ૨૬૧૩.**
**સક્રિય કેસ-૧૮૯.**
**રજા અપાઈ - ૧૪.**
**મૃત્યુ આંક - ૧૧૬.**

પંચમહાલ જીલ્લામાં થોડા દિવસોની કોરોના પોઝીટીવ કેસમાં નોંધપાત્ર ઘટાડો થતાં લોકોમાં કોરોનાનો ભય જાણે રહ્યો ન હોય તેમ વર્તી રહ્યો છે. લોકો સ્વૈચ્છિક રીતે માસ્કના ઉપયોગ કરવો કે સોશ્યલો ડિસ્ટન્સ જાળવવા આવી રહ્યું નથી. જેને પરિણામે આજરોજ પંચમહાલ જીલ્લામાં નવા ૨૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. તેમાં ગોધરા શહેરમાં ૧૪ અને ગ્રામ્યમાં ૨ પોઝીટીવ કેસ મળી ૧૬ કેસ નોંધાયા છે. તેમાં પણ આજરોજ ગોધરા શહેરમાં નોંધાયેલ પોઝીટીવ કેસની સંખ્યા એસ.આર.પી.નગરમાં ૯ નોંધાવા પામી છે. ગોધરા એસ.આર.પી.માં કોરોના પોઝીટીવ કેસ એક સાથે ૯ નોંધાતા જીલ્લા આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે.

પંચમહાલ જીલ્લામાં આજરોજ ગોધરા–૧૬, હાલોલ–૩, કાલોલ–૨ મળી ૨૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. ત્યારે કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને લોકો માસ્કનો સોશ્યલ ડિસ્ટનસનો ઉપયોગ કરે તે જરૂરી છે.